# ૭ મિયાઉં... મિયાઉં, અહીં આવ

Z6H1E7

## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

ફરરર કરતું વિમાન ઊડ્યું
ખરરર ખરરર ઝૂમ
બારીમાંથી જોયું ત્યાં તો
બધાં મકાનો ગૂમ.
ઢગલે ઢગલા વાદળ વચ્ચે
વિમાન છૂપાછૂપ
બીક મને તો બહુ બહુ લાગી
હું તો થઈ ગયો ચૂપ.
મને થયું કે વિમાન મારું
હીંચક હીંચક હીંચે
ત્યાં તો કેવું ફરરર કરતું
ઊતરી આવ્યું નીચે...

\- રમેશ પારેખ








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૨. બરાબર જુઓ :




◯ ◯ ૭૫ ૭૫ ૭૫ ◯ ◯

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩. વાતચીત :

૧. ચિત્રમાં કેટલા પુરુષો, સ્ત્રીઓ અને બાળકો છે ?

૨. હનીફાબહેન કપડાં ધુએ છે તેનો અવાજ સૌથી વધુ કોને સંભળાતો હશે ?

૩. કોણ કોણ વાતો કરી રહ્યા છે ? ક્યાં ? ક્યાં ?

૪. મકાનના ધાબે શું દેખાય છે ?

૫. અરીસાનો ઉપયોગ કોણ કરી રહ્યું છે ?

## ૪. મને ઓળખી કાઢો :

૧. હું દાદરા પર છું અને નીચે ઊતરું છું.

૨. મારા હાથમાં ચા છે.

૩. હું સફાઈ કરું છું.

૪. અમારી નજીક પાણીની ડોલ છે.

૫. મારે ચાર પગ છે.

૬. મારા મોટાભાઈને કારથી રમવું બહુ ગમે છે.

૭. અમે રસોડામાં છીએ.

૮. અમે ઘરમાં નથી.

## ૫. ચિત્ર જોઈને લખો :

૧. યોગાસન કોણ કરે છે ?

૭૬ ૭૬ ૭૬

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. ઈશાની ઉપરના ઝરુખામાં કોણ છે ?

૩. છાપું કોણ કોણ વાંચે છે ?

૪. બોઝો કોનું નામ છે ?

૫. બોઝોનો ભાઈબંધ શું કરે છે ?

૬. પંકજની સૌથી નજીક કોણ છે ?

૭. સૌથી લાંબા નામવાળો માણસ કોણ છે ?

૮. આવી રીતે સરખાં બોલાતાં નામ શોધો.

- કવિતા - સવિતા
- લેખા -
- મિતાંશ -
- સરલા -
- સંજુ -
- નરેશ -

૯. તમારી આસપાસ રહેતા માણસોનાં નામ લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૬. વાર્તા :

### બિલ્લુની બિલ્લી



બિલ્લુના ઘરે એક બિલાડી. એનું નામ મીની. બિલ્લુને મીની બહુ જ ગમે. મીનીને પણ બિલ્લુની સાથે રમવાની બહુ મજા પડે. મીનીનાં તોફાનોથી કોઈ વાર દાદા ખિજાય, મમ્મી પણ ખિજાય. બિલ્લુ કદી ખિજાય નહીં. દરરોજ નિશાળેથી આવીને બિલ્લુ બોલે, ''મારી મીની મ્યાઉં મ્યાઉં.'' બિલ્લુનો સાદ સાંભળીને મીનીબેન તરત જ આવીને બિલ્લુના ખભે બેસી જાય.

એકવાર શાળાએથી ઘરે આવીને બિલ્લુએ સાદ કર્યો, ''મારી મીની મ્યાઉં મ્યાઉં'' પણ મીની ન આવી. ફરીથી ત્રણ ચાર વખત સાદ કર્યો પણ મીનીબહેન ન આવ્યાં. બિલ્લુને થયું કે મીની કદાચ આડોશપાડોશમાં કોઈકના ઘરે ગઈ હશે. આવું વિચારીને બિલ્લુ ટીનામાસીના ઘરે ગયો.

''ટીનામાસી, મારી મીની આવી છે ?''

''ના, આજે તો નથી આવી.''

''ભલે માસી. મીની આ બાજુ દેખાય તો મને કહેજો.''

બિલ્લુ ગયો ઐયરકાકાના ઘરે. ઘરમાં જઈને સીધો જ સાદ કર્યો, ''મારી મીની મ્યાઉં મ્યાઉં.'' મીની તો ન આવી, પણ ઐયરકાકા આવ્યા.

''ક્યા હૈ, બિલ્લુ ?''

''અંકલ, મારી મીની ઘરે નથી. બહાર પણ ક્યાંય દેખાતી નથી એટલે તમારા ઘરે શોધવા આવ્યો છું.''

''ઈધર તો નહીં આયી હૈ.''

''થૅન્ક યૂ અંકલ, આ બાજુ દેખાય તો મને કહેજો, હું જાઉં છું, આવજો.''

એમ કહીને બિલ્લુ રૉય અંકલના ઘરે ગયો. ડોર બેલ વગાડી. પહેલાં કદી ન જોયેલા એક દાદાજી આવ્યા. બિલ્લુએ તો સીધો સાદ કર્યો, ''મારી મીની મ્યાઉં મ્યાઉં''.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

‘‘તુમ કૌન હો, ભાઈ ? ક્યા ચાહિએ ?’’

‘‘મારી મીની ઘર પે નથી હૈ. આપકે ઘરે આવી હૈ ?’’

‘‘ઇધર તો નથી આવી, આયેગી તો તમને બતાઉંગા.’’ દાદાએ હસીને કહ્યું.

‘‘પર તમે હો કૌન ? તમારા નામ ક્યા હૈ ? તમારા ઘર કહાં હૈ ?’’ દાદાજીએ પૂછ્યું.

‘‘મૈં બિલ્લુ છું. સાચા નામ તો પ્રણવ હૈ. પણ સબ મને બિલ્લુ કહે છે. પેલા સામે દિખતા હૈ, વહ વ્હાઇટ ઘર હમારા છે.’’

‘‘બહોત અચ્છે, તમે બેઠો, મૈં તમારે લિએ કુછ બંગાલી મિઠાઈ લાવતા હું.’’

‘‘નહીં દાદાજી, મિઠાઈ જ્યાદા ભાવતી નથી. કુછ નમકીન હૈ તો બહાર કાઢીને રખિયેગા. મૈં મીનીને શોધીને આવુંગા.’’ દાદાજીને બિલ્લુની કાલી કાલી ભાષા સાંભળીને મજા આવતી હતી.

બિલ્લુ પહોંચ્યો અબ્દુલચાચાના ઘરે.

‘‘અબ્દુલચાચા, મીનીને જોઈ ?’’ ઘરની બહારથી જ બિલ્લુએ બૂમ પાડી.

ત્યાં જ એની નજર ઘરની વંડી પર પડી. મીનીબેન તો એક નાની કટોરીમાંથી ચપચપ ખીર પીતાં હતાં.

‘‘મેરી મીની મ્યાઉં મ્યાઉં...’’

‘‘મ્યાઉં મ્યાઉં...!’’ મીનીએ ત્યાં જ બેઠાં બેઠાં જવાબ આપ્યો. એ બિલ્લુના ખભે બેસવા ના આવી. ખીર ખાવાનું ચાલુ રાખ્યું !

‘‘તું પણ ઘરમાં આવી જા, બિલ્લુ. થોડી ખીર તું પણ ખાઈ લે.’’ ફાતિમાચાચીએ બિલ્લુને કહ્યું.

બિલ્લુ ખીર ખાવા લાગ્યો. મીની પોતાની ખીર પૂરી કરીને બિલ્લુના ખભે ચડીને બેસી ગઈ. તે બિલ્લુની ખીર સામે જોઈ બિલ્લુનો કાન ચાટવા લાગી.

## ૭. વાતચીત :

૧. બિલ્લુ મીનીને શોધવા કોના કોના ઘરે ગયો ?

૨. કોના ઘરની સામે બિલ્લુનું ઘર દેખાય છે ?

૩. કોને બિલ્લુની કાલી કાલી ભાષા સાંભળવાની મજા આવી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. 'થેન્ક યૂ અંકલ' એવું બિલ્લુએ કોના ઘરે કહ્યું ?
૫. બિલ્લુને ખીર કોણે ખવડાવી ?
૬. મીની ક્યાંથી મળી ?

## ૮. યાદ કરો અને "હા રે હા" કે "ના રે ના" લખો :

નીચેનાં વાક્યો મોટેથી વાંચી સંભળાવો. વિદ્યાર્થીઓને વાર્તાને આધારે તે વાક્ય સામે 'હા રે હા' અથવા 'ના રે ના' લખવા કહો.

૧. બિલ્લુના ઘરે બકરી હતી.
૨. મીની અને બિલ્લુ રમતા ન હતા.
૩. મીનીનાં તોફાનોથી બિલ્લુ ખિજાતો હતો.
૪. બિલ્લુ 'મારી મીની મ્યાઉં મ્યાઉં' બોલે એટલે બિલાડી ભાગી જતી.
૫. બિલ્લુ મીનીને શોધતો હતો.
૬. મીની અબ્દુલચાચાના ઓરડામાં બેઠી હતી.
૭. મીનીને શોધતાં બિલ્લુને ખીર ખાવા મળી.
૮. બિલ્લુ મીનીનો કાન ચાટતો હતો.

## ૯. વાંચો અને કહો, આવું કોણ બોલતું હતું ?

૧. ભલે માસી, મીની મળે તો કહેજો. બિલ્લુ
૨. ઈધર તો નહીં આયી હૈ.
૩. ઈધર તો નથી આવી, આયેગી તો તમને બતાઉંગા.

૮૦ ૮૦ ૮૦

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. મિઠાઈ જયાદા ભાવતી નથી. કુછ નમકીન હૈ તો બહાર કાઢીને રાખિયેગા.

૫. તું પણ ઘરમાં આવી જા, થોડી ખીર તું પણ ખાઈ લે.

૬. ના, આજે તો નથી આવી.

## ૧૦. વાંચો અને બીજી ભાષામાં બોલો :

આ વાક્યો વિદ્યાર્થીઓને વારાફરતી મોટેથી વાંચવા કહો અને તે વાક્ય તેમને ફાવતી બીજી કોઈ પણ ભાષામાં મોટેથી બોલવા કહો, આવાં બીજાં વાક્યોની પણ પ્રેક્ટિસ કરાવો.

૧. મારી બિલાડી ખોવાઈ ગઈ છે.

૨. મને બિલાડી સાથે રમવું ન ગમે.

૩. હું આ દાદાને ઓળખું છું.

૪. મહેશકાકાના ઘરે લાડુ ખાવાની મજા આવી.

૫. મારા ઘરે એક સસલું છે.

## ૧૧. બિલ્લુ સાથે વાત કરો :

૧. તમે : અરે ! બિલ્લુ, તું ક્યાં જાય છે ?

બિલ્લુ : મારી બિલાડીને શોધવા જાઉં છું.

૨. તમે : બિલ્લુ, બિલાડી ક્યાંથી મળી ?

બિલ્લુ :

૩. તમે :

બિલ્લુ : મને તો ફરસાણ બહુ ભાવે.

૪. બિલ્લુ : મેં તો ખીર ખાધી. કોના ઘરે ? કહી દે.

તમે :

૫. તમે :

બિલ્લુ : મારી બિલ્લી મળે પછી રમવા આવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૨. ગાઓ :

પપ્પા મારા ભાઈબંધ ને હું પપ્પાનો ફ્રેન્ડ
દોસ્તી એવી પાક્કી જેનો કદી ન આવે એન્ડ...
પકડમપકડી, દોડાદોડી, કરીએ ધીંગામસ્તી
પપ્પા ઘોડો, છુકછુક ગાડી, મમ્મી ખડખડ હસતી,
મોજ પડે તો ઊંચે ઊડીએ, મોજ પડે તો લેન્ડ...
પપ્પા મારા ભાઈબંધ...
પપ્પાની બૉલિંગમાં હું તો ચોગ્ગા-છગ્ગા મારું
પપ્પા મહેનત કરે ઘણી પણ હું ના કદીએ હારું
મારી બૉલિંગમાં પપ્પાનું વાગી જાતું બેન્ડ...
પપ્પા મારા ભાઈબંધ...
પપ્પા ક્યારેક દફતર લઈને જાય નિશાળે મારી
હું પપ્પાની ઑફિસે જાઉં બેગ ઉઠાવી ભારી
પપ્પા મારી ચડ્ડી પહેરે હું પહેરી લઉં પેન્ટ,
પપ્પા મારા ભાઈબંધ...

**- હસમુખ ગોવાણી**

## ૧૩. વાતચીત :

૧. ગીતમાં આવતા અંગ્રેજી શબ્દો બોલો.
૨. આ ગીતમાં કોણ કોણ ફ્રેન્ડ છે ?
૩. પપ્પા અને દીકરો કેવી કેવી મસ્તી કરે છે ?
૪. મમ્મી ક્યારે હસે છે ?
૫. કોણ વધુ સારું ક્રિકેટ રમે છે - પપ્પા કે દીકરો ?
૬. તમે પપ્પા સાથે કઈ કઈ રમત રમો છો ?
૭. પપ્પા ક્યારેય દફતર લઈને નિશાળે જતા નથી - સાચું કે ખોટું ?
૮. તમારા પપ્પાની બૅગમાં શું શું હોય છે ?
૯. આ ગીતમાં પપ્પાએ શું કર્યું ત્યારે તમને ખૂબ મજા આવી ?
૧૦. તમારા પપ્પા સાથે તમને ક્યારે ખૂબ મજા આવે છે ?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૪. સૂચના મુજબ દોરો :

વિદ્યાર્થીઓને નીચેની સૂચનાઓ વારાફરતી વાંચી સંભળાવો અને તેઓ તે મુજબ નીચેનું ચિત્ર પૂરું કરતા જશે. ત્યારબાદ તેમને ચિત્ર વિશે બોલવા કહો.

૧. ડુંગરની ટોચ પર થાંભલો દોરો.
૨. ઝાડની બે ડાળી વચ્ચે સૂરજ દોરો.
૩. સૂરજની જમણી બાજુની ડાળી પર તારાઓ દોરો.
૪. સૂરજની ડાબી બાજુની ડાળી પર કેરીઓ દોરો.
૫. મોટા વાદળમાં હોડી દોરો.
૬. નાના વાદળમાં માછલી દોરો.
૭. થાંભલા પર તિરંગો દોરો.
૮. પાણી પર તરતાં બે પતંગિયાં દોરો.
૯. થડમાં બે આંખો અને એક નાક દોરો.
૧૦. પેઈન્ટર તરીકે તમારું નામ નદીના પાણી પર લખો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૫. ઉદાહરણ મુજબ ફરીથી લખો :

વિદ્યાર્થીઓને ઉદાહરણ મુજબ બે શબ્દ વચ્ચે યોગ્ય જગ્યા રાખી વાક્ય ફરીથી લખવામાં મદદ કરો. તેમને તે વાક્ય કયા પાઠનું છે તે શોધીને લખવાની સૂચના આપો.

- ઝૂમરુજોકરનાચેછે.
- ઝૂમરુ જોકર નાચે છે. પાઠ : નાકકાન વગર ગા

૧. પૂંછમિનારમાંરહીએછીએ.

પાઠ :

૨. સોમાભાઈનીદીકરીનેપોપડીભાવે.

પાઠ :

૩. હુંઘંટીએજઈઘઉંદળાવીલાવીશ.

પાઠ :

૪. ટીચરેઝૂમરુનાવાળપકડીલીધા.

પાઠ :

૫. પગલાંબહારનીકળતાંનથી.

પાઠ :

૬. થોડીખીરતુંપણખાઈલે.

પાઠ :

૭. જંગલનાદંગલસરોવરમાંમંગલફેરાનુંઈનામ.

પાઠ :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in